# GTUના ત્રીજા રાઉન્ડનું 5 અને 6 ઓગસ્ટે ચોઈસ ફિલિંગ

**રિ-એસેસમેન્ટને** પગલે ડિપ્લોમાથી ડિગ્રી પ્રવેશ પ્રક્રિયામાં ફેરફાર

અમદાવાદ : ડીપ્લોમાથી ડિગ્રી ઈજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ 2026-27 માટેની પ્રવેશ પ્રક્રિયામાં ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) ખાતે સેમેસ્ટર-6ના વિદ્યાર્થીઓના રિ-એસેસમેન્ટને ધ્યાનમાં રાખીને મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખી પ્રવેશ સમિતિએ રાઉન્ડ-3ની પ્રવેશ પ્રક્રિયાનો સુધારેલ કાર્યક્રમ જાહેર કર્યો છે. પ્રવેશ સમિતિના જણાવ્યા પ્રમાણે અગાઉ ડીપ્લોમાના પરિણામોની ચકાસણી 29 જુલાઈ સુધી પૂર્ણ કરીને 30 જુલાઈએ ગેરલાયક ઉમેદવારોને દૂર કરી રાઉન્ડ-3ની કાર્યવાહી હાથ ધરવાની હતી. જોકે, GTUમાં સેમેસ્ટર-6ના 5,000થી વધુ વિદ્યાર્થીઓએ રિ-એસેસમેન્ટ માટે અરજી કરી હોવાથી તેમની માર્કશીટમાં ફેરફાર થવાની સંભાવનાને ધ્યાનમાં રાખી નિર્ણયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

હવે 4 ઓગસ્ટ, 2026 સુધી ડીપ્લોમાની માર્કશીટ અને એઆઈસીટીઈ મુજબની લાયકાતની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ જે ઉમેદવારો જરૂરી લાયકાત ધરાવતા નહીં હોય તેમને ગેરલાયક જાહેર કરવામાં આવશે અને તેમના કારણે ખાલી પડતી બેઠકો માટે મેરિટ ધરાવતા વિદ્યાર્થીઓને સરકારી, અનુદાનિત (GIA) તથા સ્વનિર્ભર (SFI) સંસ્થાઓમાં રિશફલિંગ (રાઉન્ડ-3) દ્વારા પ્રવેશ આપવામાં આવશે.

પ્રવેશ સમિતિએ આ સાથે રાઉન્ડ-3 તથા વેકન્ટ સીટની સમગ્ર પ્રવેશ પ્રક્રિયાનો સુધારેલો કાર્યક્રમ પણ જાહેર કર્યો છે. તેમાં માર્કશીટ ચકાસણી, ગેરલાયક ઉમેદવારોની યાદી, ખાલી બેઠકોની જાહેરાત, ચોઈસ ફિલિંગ, સીટ એલોટમેન્ટ, ઓનલાઈન પ્રવેશ, વેકન્ટ સીટ પ્રવેશ અને અંતિમ કાઉન્સેલિંગ સહિતની તમામ તારીખો જાહેર કરવામાં આવી છે.

સુધારેલા કાર્યક્રમ મુજબ ડીપ્લોમાની માર્કશીટની લાયકાત ચકાસણી 4 ઓગસ્ટ, 2026 સુધી કરવામાં આવશે. પરિણામ ચકાસણી બાદ ગેરલાયક ઉમેદવારોની યાદી 5 ઓગસ્ટે જાહેર થશે. તે જ દિવસે સાંજે 5 વાગ્યે ગેરલાયકાત અથવા પ્રવેશ રદ થવાને કારણે ખાલી પડેલી બેઠકોની જાહેરાત કરવામાં આવશે.

રિશફલિંગ (રાઉન્ડ-3) માટે ઉમેદવારો 5 ઓગસ્ટથી 6 ઓગસ્ટ સાંજે 5 વાગ્યા સુધી ચોઈસ ફિલિંગ, ફેરફાર અને લોકિંગ કરી શકશે. ત્યારબાદ 7 ઓગસ્ટે રાઉન્ડ-3નું સીટ એલોટમેન્ટ જાહેર કરવામાં આવશે. એલોટમેન્ટ બાદ 7 ઓગસ્ટ બપોરે 2 વાગ્યાથી 8 ઓગસ્ટ સુધી ઓનલાઈન ટ્યુશન ફી ભરવાની, એડમિશન સ્લિપ ડાઉનલોડ કરવાની તેમજ ઓનલાઈન પ્રવેશ રદ કરવાની પ્રક્રિયા હાથ ધરાશે.

### બે રાઉન્ડની મેરિટ યાદી

**રાઉન્ડ 1 :** રાજ્યની 30થી વધુ યુનિવર્સિટીઓમાં ડીપ્લોમાથી ડિગ્રી ઈજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કુલ 21,213 વિદ્યાર્થીઓએ DDCET-2026ની પરીક્ષા આપી હતી. તેમાંથી 15,071 વિદ્યાર્થીઓએ પ્રવેશ સમિતિ પાસે ફી ભરીને રજિસ્ટ્રેશન કન્ફર્મ કરાવ્યું હતું, જ્યારે 14,962 વિદ્યાર્થીઓને મેરિટ યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

**રાઉન્ડ 2 :** પ્રવેશ પ્રક્રિયાનો બીજો રાઉન્ડ 22 જુલાઈ, 2026ના રોજ પૂર્ણ થયો હતો. આ રાઉન્ડમાં 11,188 વિદ્યાર્થીઓને સીટ એલોટમેન્ટ મળ્યું હતું, જ્યારે 9,573 વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી હતી.

## અમદાવાદમાં દીપડાના નહીં શ્વાનના પંજા છે : વનવિભાગ

અમદાવાદ : અમદાવાદ શહેરની આસપાસ આવેલા મુમતપુર વિસ્તારમાં દીપડાની હાજરીની ચર્ચાએ સ્થાનિક રહીશોમાં થોડા સમય માટે ભય અને ચિંતાનું વાતાવરણ સર્જ્યું હતું. જોકે, વન વિભાગની તપાસમાં આ અફવા ખોટી સાબિત થઈ છે. સ્થળ પરથી મળેલા પગના નિશાનની તપાસ કરતાં તે દીપડાના નહીં પરંતુ શ્વાનના હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદના મુમતપુરના સીમ વિસ્તારમાં દીપડો જોવા મળ્યાની સ્થાનિકોની જાણ બાદ વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન કેટલાક પગના નિશાન મળતાં દીપડાની હાજરી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી અને સાવચેતીના ભાગરૂપે વન વિભાગે પાંજરું ગોઠવવાની તેમજ વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પરંતુ, ટ્રેકર્સ અને વન વિભાગના અધિકારીઓ દ્વારા પગના નિશાનની વિગતવાર તપાસ કરવામાં આવતા તે દીપડાના નહીં પરંતુ શ્વાનના હોવાનું સ્પષ્ટ થયું છે. જેના કારણે મુમતપુર વિસ્તારમાં દીપડાની હાજરી અંગેની આશંકા દૂર થઈ છે. વન વિભાગે સત્તાવાર રીતે જણાવ્યું છે કે મુમતપુર વિસ્તારમાં દીપડાના કોઈ પગના નિશાન કે અન્ય પુરાવા મળ્યા નથી.

# વિદેશી ભંડોળનો ઉપયોગ કરીને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ કરવાનું હવે બંધ થશે



ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ભારતની અનેક સંસ્થાઓ અબજો ડોલરનું વિદેશી ભંડોળ પ્રાપ્ત કરી રહી છે. કેટલાક કિસ્સાઓમાં આ ભંડોળનો ઉપયોગ દેશવિરોધી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે થતો હોવાના આક્ષેપો કરવામાં આવે છે. આવી સંસ્થાઓમાં મિશનરી સંસ્થાઓથી લઈને તબીબી સંશોધનના નામે વસતી નિયંત્રણનું કાર્ય કરતી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. ફોર્ડ ફાઉન્ડેશન, બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન અને સોરોસ ટ્રસ્ટ જેવી વિદેશી સંસ્થાઓ તરફથી તેમને મોટાપાયે ભંડોળ પ્રાપ્ત થાય છે. સોનમ વાંગચુકની સંસ્થાનો પણ તેમાં સમાવેશ થાય છે, જેને લદ્દાખના વિકાસ માટે વિદેશી દાન મળતું હોવાનું કહેવાય છે. સરકારનું માનવું છે કે કેટલાક કિસ્સાઓમાં આવા દાનનો ઉપયોગ જાસૂસી જેવી પ્રવૃત્તિઓ માટે પણ થઈ શકે છે. વિદેશી દાનને નિયંત્રિત કરવા માટે ભારતમાં પહેલેથી જ ફોરેન કોન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ (FCRA) અમલમાં છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં તેના નિયમોમાં સુધારાની જાહેરાત કરી છે, જેથી વિદેશી ભંડોળનો ઉપયોગ દેશવિરોધી અને સમાજવિરોધી પ્રવૃત્તિઓ માટે ન થઈ શકે. સરકારના જણાવ્યા મુજબ આ સુધારાનો મુખ્ય હેતુ પારદર્શિતા વધારવાનો અને વિદેશી ભંડોળનો ઉપયોગ માત્ર જાહેર કરાયેલા હેતુઓ સુધી મર્યાદિત રાખવાનો છે. બીજી તરફ, ટીકાકારોનું માનવું છે કે આનાથી નાગરિક સમાજ પર નિયમનકારી નિયંત્રણ વધુ કડક બની શકે છે. કાયદામાં કરવામાં આવેલા સુધારા ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે વિદેશી સહાય મેળવતી તમામ સંસ્થાઓને લાગુ પડશે. આ કાયદો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અથવા હિંસક વિરોધ પ્રદર્શનોને સમર્થન આપવા માટે વપરાતા વિદેશી ભંડોળ પર પ્રતિબંધ મૂકે છે. તેમાં સરકારી પ્રોજેક્ટોમાં વિક્ષેપ ઊભો કરવાના પ્રયાસો અથવા જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડતાં રમખાણોને પ્રોત્સાહન આપતા ભંડોળનો પણ સમાવેશ થાય છે. બીજી પ્રતિબંધિત શ્રેણીમાં ભારતીય ચૂંટણીઓ, રાજકીય પ્રક્રિયા અથવા સરકારી નીતિઓને પ્રભાવિત કરવાના હેતુથી મળતા વિદેશી ભંડોળનો સમાવેશ થાય છે. કાયદો બિનહિસાબી અથવા શંકાસ્પદ વિદેશી યોગદાનને પણ ગંભીર ચિંતાનો વિષય માને છે. સમાજકલ્યાણના નામે મળેલું વિદેશી દાન જો કથિત રીતે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે વપરાતું હોય તો તે પણ આ કાયદા હેઠળ પ્રતિબંધિત ગણાશે. તાજેતરનાં વર્ષોમાં સરકારે વિદેશી અનુદાન મેળવતી બિનસરકારી સંસ્થાઓ (NGO) પર વધુ દેખરેખ રાખવાનું શરૂ કર્યું છે. ફોરેન કોન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ, 2010 હેઠળ ચોક્કસ વ્યક્તિઓ, સંસ્થાઓ અને કંપનીઓ દ્વારા વિદેશી યોગદાન તથા વિદેશી આતિથ્યના સ્વીકાર અને ઉપયોગને નિયમિત કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય હિતને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓમાં વિદેશી ભંડોળનો ઉપયોગ ન થાય તે માટે આ કાયદો અમલમાં મૂકવામાં આવ્યો હતો. તાજેતરનાં વર્ષોમાં FCRAને લઈને અનેક ઘટનાઓ ચર્ચામાં રહી છે. ગ્રીનપીસ ઇન્ડિયાનું FCRA લાઇસન્સ 2015માં રદ કરવામાં આવ્યું હતું. સરકારના જણાવ્યા મુજબ થર્મલ પાવર, પરમાણુ ઊર્જા, કોલસા અને એલ્યુમિનિયમ ખાણકામ સામેના વિરોધ પ્રદર્શનોથી વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં અવરોધ ઊભો થતો હતો. 2014માં ઇન્ટેલિજન્સ બ્યુરોના 'વિકાસ પર NGOનો પ્રભાવ' અહેવાલમાં પણ ચેતવણી આપવામાં આવી હતી કે કેટલાક આંતરરાષ્ટ્રીય દાતાઓના સહયોગથી કાર્યરત બિન-લાભકારી સંગઠનો વિકાસલક્ષી યોજનાઓમાં વિક્ષેપ પેદા કરી રહ્યા છે, જે ભારતીય અર્થતંત્ર માટે ચિંતાજનક બની શકે છે. આ ઉપરાંત, દક્ષિણ ભારતમાં કુડનકુલમ પરમાણુ વીજ ઉત્પાદન કેન્દ્ર સામે થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન વિરોધ સાથે સંકળાયેલી કેટલીક સંસ્થાઓને અમેરિકા સ્થિત દાતાઓ પાસેથી વિદેશી ભંડોળ મળ્યાના મુદ્દાએ પણ ચર્ચા જગાવી હતી. આ ઘટનાઓ પછી વિદેશી ભંડોળ મેળવનારી સંસ્થાઓ પર સરકારની દેખરેખ વધુ કડક બની હતી. ડિસેમ્બર 2017ના એક અહેવાલ મુજબ 2015-16 દરમિયાન NGOને મળતું વિદેશી ભંડોળ અંદાજે રૂ. 17,773 કરોડ હતું, જે બાદમાં FCRA નોંધણીઓ રદ થતાં ઘટીને લગભગ રૂ. 6,499 કરોડ રહ્યું હતું. સુધારેલા FCRA હેઠળ કેટલીક વ્યક્તિઓ અને સંસ્થાઓને વિદેશી યોગદાન સ્વીકારવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમાં ચૂંટણી લડતા ઉમેદવારો, સંસદસભ્યો, વિધાનસભ્યો, રાજકીય પક્ષો અને તેમના હોદ્દેદારો, ન્યાયાધીશો, સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમોના કર્મચારીઓ તેમજ પત્રકારો, પ્રકાશકો અને કાર્ટૂનિસ્ટોનો સમાવેશ થાય છે. બીજી તરફ, વિવિધ ખાનગી ફાઉન્ડેશનો, વિદેશી સરકારી એજન્સીઓ અને વ્યક્તિઓ ભારતમાં સખાવતી કાર્યો માટે NGOને દાન અને પ્રોજેક્ટ સહાય પૂરી પાડતી રહે છે. 24 જુલાઈ, 2018ના રોજ તત્કાલીન કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી કિરેન રિજિજુએ સંસદમાં જણાવ્યું હતું કે 2011 પછી FCRA હેઠળ લગભગ 19,000 NGOની વિદેશી ભંડોળ મેળવવાની મંજૂરી રદ કરવામાં આવી હતી. નવી જોગવાઈઓમાં ધાર્મિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં 'ધાર્મિક પરિવર્તન સિવાય' શબ્દપ્રયોગ સ્પષ્ટ રીતે કરવામાં આવ્યો છે. ધાર્મિક શિક્ષણ, ધાર્મિક અભ્યાસ, ધાર્મિક પરંપરાઓનું જતન અને ધાર્મિક મેળાવડાઓ જેવી પ્રવૃત્તિઓ માટે વિદેશી ભંડોળ મેળવવાની મંજૂરી રહેશે, પરંતુ ધર્મપરિવર્તનના હેતુથી થતી પ્રવૃત્તિઓને સ્પષ્ટપણે મંજૂરી આપવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે રેવ. સ્ટેનિસ્લોસ વિરુદ્ધ મધ્યપ્રદેશ રાજ્ય (1977) કેસમાં પણ સ્પષ્ટ કર્યું હતું કે બંધારણ ધર્મના પ્રચારનો અધિકાર આપે છે, પરંતુ અન્ય વ્યક્તિને ધર્માંતરિત કરવાનો અધિકાર આપતું નથી. FCRAનો મુખ્ય હેતુ વિદેશી યોગદાનના સ્ત્રોત અને તેના ઉપયોગ પર અસરકારક નિયંત્રણ રાખવાનો છે. સુધારેલા નિયમો અનુસાર હવે માત્ર નોંધણી પૂરતી રહેશે નહીં, પરંતુ સંસ્થાઓને હેતુઆધારિત અને રાજ્યવિશિષ્ટ નોંધણી પણ કરાવવી પડશે. વાર્ષિક અહેવાલમાં કેટલું વિદેશી દાન મળ્યું, તેનો પ્રોજેક્ટવાર કેટલો ઉપયોગ થયો અને અંતિમ દાતા કોણ છે તેની માહિતી જાહેર કરવી ફરજિયાત રહેશે, ભલે ભંડોળ કોઈ મધ્યસ્થી દ્વારા મળ્યું હોય. સોશિયલ મીડિયા અને સત્તાવાર વેબસાઇટ પર પણ જરૂરી માહિતી જાહેર કરવી કાયદાકીય પાલનનો ભાગ બનશે. સરકારના જણાવ્યા મુજબ આ જોગવાઈઓનો હેતુ પારદર્શિતા, જવાબદારી અને નાણાકીય શિસ્ત વધારવાનો છે. સુધારેલા નિયમોમાં પ્રથમ વખત માન્ય ધાર્મિક પ્રવૃત્તિઓની સ્પષ્ટ યાદી આપવામાં આવી છે. પૂજા સ્થળોની જાળવણી, ધાર્મિક શિક્ષણ અને કાયદેસર ધાર્મિક સેવાઓ માટે વિદેશી ભંડોળનો ઉપયોગ કરી શકાશે, જ્યારે ધર્મપરિવર્તન સંબંધિત પ્રવૃત્તિઓને મંજૂરી આપવામાં આવશે નહીં. આ નિયમ તમામ ધર્મો માટે સમાન રીતે લાગુ પડશે. FCRAની કલમ 12(4) મુજબ રાષ્ટ્રીય હિત અને સામાજિક સંતુલનને પ્રાથમિકતા આપવામાં આવી છે. સરકારનું કહેવું છે કે આનાથી નિયમોમાં રહેલી અસ્પષ્ટતા દૂર થશે અને દરેક પ્રોજેક્ટનું નિરીક્ષણ વધુ અસરકારક રીતે થઈ શકશે. જોકે કેટલાક માનવાધિકાર સંગઠનો અને વિરોધ પક્ષોએ આ જોગવાઈઓને વધુ કડક ગણાવી છે. સરકારનું માનવું છે કે આનાથી નિષ્ક્રિય અથવા માત્ર નોંધાયેલી સંસ્થાઓને ઓળખવી સરળ બનશે અને વિદેશી ભંડોળથી સર્જાતી સંપત્તિના સંભવિત દુરુપયોગને પણ અટકાવી શકાશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**એક સમાચાર મુજબ ૨૦૧૫-૧૬ માં NGO ને મળતું વિદેશી ભંડોળ રૂ. ૧૭,૭૭૩ કરોડ હતું; પરંતુ FCRA રદ થવાના કારણે તે ૨૦૨૫-૨૬માં ઘટીને રૂ. ૬,૪૯૯ કરોડ થઇ ગયું હતું**

# મગફળીનું 91, જ્યારે મકાઈનું 90% વાવેતર પૂર્ણ

**રાજ્યમાં** 59.26 લાખ હેક્ટરમાં વાવેતર સંપન્ન

ગાંધીનગર : રાજ્યમાં સારા અને વ્યાપક વરસાદ બાદ ચાલુ ખરીફ સિઝનમાં વાવેતરની કામગીરીએ નોંધપાત્ર ગતિ પકડી છે. કૃષિ વિભાગના તાજા આંકડા મુજબ રાજ્યમાં સામાન્ય વાવેતર વિસ્તારના આશરે 70 ટકા એટલે કે 59.26 લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે. ચાલુ વર્ષે પણ ખેડૂતોનો ઝુકાવ તેલીબિયાં અને રોકડિયા પાકો તરફ વધુ જોવા મળ્યો છે.

સચિવાલયના કૃષિ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ , ખરીફ સિઝનમાં સોયાબીનના વાવેતરમાં સૌથી વધુ પ્રગતિ નોંધાઈ છે. રાજ્યમાં સામાન્ય વિસ્તારની સરખામણીએ 99 ટકા એટલે કે 2.79 લાખ હેક્ટરમાં સોયાબીનનું વાવેતર પૂર્ણ થયું છે. આ ઉપરાંત મગફળીનું 91 ટકા, મકાઈનું 90 ટકા, અડદનું 86 ટકા અને કપાસનું 84 ટકા વાવેતર પૂર્ણ થતાં વરસાદની અનુકૂળ પરિસ્થિતિનો ખેડૂતોને સારો લાભ મળ્યો હોવાનું સ્પષ્ટ થાય છે. રાજ્યમાં કઠોળ પાકોના વાવેતરમાં પણ ગત વર્ષની સરખામણીએ વધારો નોંધાયો છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન 2.52 લાખ હેક્ટરમાં થયેલું વાવેતર ચાલુ વર્ષે વધીને 2.85 લાખ હેક્ટર સુધી પહોંચ્યું છે.

### અત્યાર સુધીમાં થયેલું વાવેતર

| પાક | વાવેતર |
|---|---|
| કપાસ | 20 લાખ હેક્ટર |
| મગફળી | 17.50 લાખ હેક્ટર |
| ઘાસચારા | 5.21 લાખ હેક્ટર |
| ડાંગર | 4.63 લાખ હેક્ટર |
| મક્કાઇ | 2.54 લાખ હેક્ટર |
| તુવેર | 1.94 લાખ હેક્ટર |
| શાકભાજી | 1.71 લાખ |
| બાજરા | 1.06 લાખ હેક્ટર |
| એરંડા | 52,655 હેક્ટર |
| જુવાર | 10,301 હેક્ટર |
| તલ | 7,597 હેક્ટર |

### જિલ્લા શિક્ષણાધિકારીનો કડક આદેશ

# લાઇસન્સ વગરના વિદ્યાર્થીને શાળામાં પ્રવેશ નહીં મળે

**અમદાવાદની** શાળાઓમાં હેલ્મેટ પહેરી હોય તેને જ જવા દેવામાં આવશે

અમદાવાદ : રોડ સેફ્ટી અને ટ્રાફિક નિયમો અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા અમદાવાદ શહેર-જિલ્લાની તમામ શાળાઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે 18 વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓને લાઈસન્સ વિના વાહન ચલાવવા માટે પ્રોત્સાહન ન આપવું તેમજ જો કોઈ વિદ્યાર્થી દ્વિચક્રી અથવા ચારચક્રી વાહન લઈને શાળાએ આવે તો તેને વાહન સાથે શાળામાં પ્રવેશ ન આપવા. આવા વિદ્યાર્થીઓના વાલીઓને તાત્કાલિક બોલાવી જરૂરી સમજણ આપવા પણ સૂચના આપવામાં આવી છે. અમદાવાદ શહેર - જિલ્લા શિક્ષણાધિકારીએ તમામ શાળાઓને વિદ્યાર્થીઓની માર્ગ સલામતીને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ સૂચનાઓ જારી કરી છે. વિદ્યાર્થીઓ દ્વારા નિયમોનો ભંગ કરીને વાહન ચલાવવાના વધતા બનાવોને ધ્યાનમાં રાખીને આગામી સાત દિવસમાં ખાસ ઝુંબેશ હાથ ધરવા આદેશ આપવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં જણાવાયું છે કે, અમદાવાદ શહેર -જિલ્લાઓની તમામ શાળાઓમાં 18 વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓ દ્વારા દ્વિચક્રી અથવા ફોરવ્હીલ વાહન ચલાવવું તેમજ લાઈસન્સ વિના વાહન ચલાવવું કાયદેસર ગુનો છે. તેમ છતાં કેટલાક વિદ્યાર્થીઓ આવા નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાના બનાવો સામે આવી રહ્યા છે. તેને રોકવા માટે શાળાઓએ તાત્કાલિક અસરથી સઘન કાર્યવાહી કરવાની રહેશે.

# BUSINESS મિત્ર

### સેન્સેક્સમાં ૧,૦૦૦ પોઇન્ટનો ઇન્ટ્રાડે ઉછાળો: રોકાણકારોએ રૂ. ચાર લાખ કરોડની કમાણી કરી

# સેન્સેક્સ 888 પોઇન્ટ ઊછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 29:** ભારતીય શેરબજારમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ લગભગ 1000 પોઈન્ટની છલાંગ લગાવી રહ્યો હતો. જ્યારે નિફ્ટી પણ 24300 પોઈન્ટની નજીક પહોંચ્યો હતો. બ્રોડર સ્તરે આજે ઘણો ઉત્સાહ હતો, પરંતુ સ્મોલકેપ સ્પેસમાં થોડો વધુ ઉછાળો જોવાયો હતો.

સેક્ટર વાઈઝ જોઈએ તો આઈટી સેક્ટરે બજારને ઉછાળ્યો હતો, જે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 2 ટકાથી વધુ વધ્યો હતો. તેની સાથે મેટલ ઈન્ડેક્સ અને બેન્ક નિફ્ટી તથા એફએમસીજી-ફાર્મા શેરોએ ટેકો આપ્યો હતો. જ્યારે રિયલ્ટી અને ઓટો શેરોમાં ઘટાડો જોવાયો હતો. રોકાણકારોએ રૂ. ચાર લાખ કરોડની કમાણી કરી હતી. જેના લીધે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 483 લાખ કરોડ થઈ ગઈ હતી.

બીએસઈ સેન્સેક્સ 888.68 પોઈન્ટ એટલે કે 1.16 ટકા વધીને 77654.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77765 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77333 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 264.85 પોઈન્ટ એટલે કે 1.1 ટકા વધીને 24250 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 24250.20 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24283 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24136 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટીએ 450.30 પોઈન્ટ એટલે કે 0.79 ટકા ઉછળીને 57000 પોઈન્ટની સપાટી કુદાવીને 57205.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ડીસીએમ શ્રીરામમાં 45.66 ગણા, પારાદીપ ફોસ્ફેટમાં 23.69 ગણા, કપીટ ટેકનોલોજીમાં 23.24 ગણા, ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સમાં 13.23 ગણા અને જ્યુપીટર વેગન્સમાં 9.54 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે પારાદીપ ફોસ્ફેટસમાં 61.74 ગણા, ડીસીએમ શ્રીરામમાં 45.36 ગણા, ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સમાં 37.68 ગણા, જ્યુપીટર વેગન્સમાં 22.94 ગણા, દેવયાની ઈન્ટરનેશનલમાં 17.67 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ સુધારાની ચાલ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.78 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.47 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે 2590 શેરો વધ્યા હતા, જ્યારે 1654 શેરો ઘટ્યા હતા અને 194 શેરો યથાવત રહ્યા હતા. કોમોડિટીઝ માર્કેટમાં સપ્ટેમ્બર સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 3.16 ડોલર એટલે કે 3.85 ટકા વધીને 85.24 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો.

જુન મહિનામાં આઈઆઈપી વાર્ષિક ધોરણે 7.3 ટકા વધ્યો હતો, જેથી મે મહિનામાં 5 ટકાથી વધ્યો હતો. જે મેન્યુફેકચરીંગ પ્રવૃત્તિમાં મજબૂત ઉછાળો અને વીજળી-ગેસ સપ્લાય સેગમેન્ટમાં મજબૂત વૃદ્ધિને કારણે ચાલ્યો હતો. મેન્યુફેકચરીંગ આઉટપુટમાં 7.8 ટકાનો વધારો થયો છે, જ્યારે ઈલેકટ્રીસિટી અને ગેસ સપ્લાય સેગમેન્ટમાં મહિના દરમ્યાન 10.6 ટકાની તીવ્ર વૃદ્ધિ નોંધાઈ છે. મેન્યુફેકચરીંગની અંદર 23માંથી 19 ઉદ્યોગ જુથો રેકોર્ડ થયા છે.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બેન્કીંગ, લક્ઝરી અને માઈનીંગ હેવીવેઈટસમાં મજબૂત કમાણીના અહેવાલોના મોજાએ મીડલ ઈસ્ટમાં વધતી જતી લશ્કરી કાર્યવાહીને સરભર કરી હોવાથી યુરોપિયન બજારો સપાટ રહ્યા હતા. આ દરમ્યાન એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. કારણ કે રોકાણકારોએ ઓઈલના વધતા ભાવો પર નજર રાખવાનું ચાલુ રાખ્યું હતું અને યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજદરના નિર્ણયની રાહ જોતા હતા. જોકે, ફેડ વ્યાજદર યથાવત રાખે તેવી અપેક્ષા છે, ત્યારે સતત ફુગાવાની ચિંતાઓ, તાજા વેપાર ટેરિફ અને ઉર્જાના ભાવો ઉપર નક્કી થશે. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.13 ટકા અને ડેક્સ 0.10 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.78 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.77 ટકા, તાઈવાન 3.91 ટકા, કોસ્પી 6.36 ટકા, જકાર્તા 0.64 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. સ્ટ્રેઈટસ 1.70 ટકા, હેંગસેંગ 1.90 ટકા, અને શાંઘાઈ 0.40 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો 22 પૈસા સુધર્યો

કરન્સી બજારમાં આજે પણ રૂપિયામાં સુધારો આગળ વધ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 22 પૈસા સુધરીને 95.64ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.86ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.69, પાઉન્ડ 127.53, કેનેડિયન ડોલર 67.83, ઓસ્ટ્રેલિયન ડલર 65.99, જાપાનીઝ યેન 0.5842 અને સીંગાપોર ડોલર 74.14ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.65 રૂ. |
| યુરો | 108.69 રૂ. |
| પાઉન્ડ | 127.53 રૂ. |
| યેન | 0.5842 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 888.68 | 77654.60 |
| નિફ્ટી | 264.85 | 24250.20 |
| બેન્ક નિફ્ટી | 450.30 | 57205.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જિયો ફાઇનાન્સીયલ | 5.23 | 249.48 |
| એચયુએલ | 4.70 | 2117.80 |
| ઇન્ફોસીસ | 4.51 | 1155.60 |
| હિન્દાલ્કો | 2.78 | 962.45 |
| લાર્સન-ટુબ્રો | 2.59 | 3931.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 3.10 | 1719.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.51 | 3221.80 |
| પાવરગ્રીડ | 0.86 | 282.85 |
| આઇસર મોટર્સ | 0.73 | 7779.00 |
| ભારત ઇલે. | 0.37 | 387.55 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 4.70 | 2118.15 |
| ઇન્ફોસીસ | 4.50 | 1155.50 |
| ટ્રેન્ટ | 2.56 | 3004.75 |
| લાર્સન-ટુબ્રો | 2.55 | 3930.35 |
| ભારતી એરટેલ | 2.52 | 1950.30 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 3.19 | 1720.45 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.51 | 3223.15 |
| પાવરગ્રીડ | 0.89 | 282.75 |
| ભારત ઇલે. | 0.39 | 387.65 |
| એનટીપીસી | 0.09 | 343.50 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૦૦૦ |
| એમ-૩૦ | ૫૦૦૦ |
| એસ-૩૦ | ૪૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૯૦૦ |
| એસ-૩૦ | ૪૮૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૬૨૯૦ |
| તેજાબી સોનું | ૧૪૬૨૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૯૮૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૩૩૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૨૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૨૬૫૦ |
| ચાંદી સિક્કા | ૨૧૪૧૫૦ |

# સાઉથ કોરિયાનો કોસ્પી ફરીથી તૂટ્યો

**સતત** બે દિવસમાં 21 ટકાનો કડાકો

**વૈશ્વિક** રોકાણકારોની જબરજસ્ત ખરીદીએ કોસ્પીનું એક વર્ષનું વળતર 71 ટકાથી વધુ છે

નવી દિલ્હી, તા. 29: દક્ષિણ કોરિયાના શેરબજારમાં આજે સતત બીજા દિવસે તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. ટ્રેડિંગની શરૂઆતમાં કોસ્પીએ રીકવરી કરી હતી, પણ થોડા કલાકો પછી વેચાણના દબાણને કારણે લાલ નિશાનમાં સરકી ગયું હતું. એક તબક્કે ઘટીને 10 ટકા થઈ ગઈ હતી. તે પછી કંઈક કબજો લઈ ગયો. દક્ષિણ કોરિયામાં બપોરે 3.10 કલાકે 8 ટકા ઘટીને 5541 પોઈન્ટ પર હતો.

સતત બીજા દિવસે દક્ષિણ કોરિયાના બજારમાં મોટા ઘટાડાનું કારણ એસકે હાયનિક્સના પરિણામો છે. જુન ક્વાર્ટરમાં કંપનીનું પ્રદર્શન અપેક્ષા કરતા નબળું હતું. ટ્રેડિંગ સમાપ્ત થવાના થોડા સમય પહેલા એસકે હાયનિક્સના શેરમાં 9.55 ટકાનો ઘટાડો થયો હતો. સેમસંગ ઈલેકટ્રોનિક્સના શેરમાં પણ સતત બીજા દિવસે મોટો ઘટાડો જોવા મળઅયો હતો. એક તબક્કે ઘટીને 8 ટકા થઈ ગયો. પરંતુ ટ્રેડિંગ બંધ થયાના થોડા સમય પહેલા તે થોડો આંચકો હતો.

છેલ્લા એક મહિનામાં કોસ્પીમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. 35 ટકાના ઘટાડા પછી તે એક રીતે આકાશમાંથી જમીન પર આવી ગયો છે. જેના કારણે ચીપ ઉત્પાદક એસકે હાયનિક્સ અને સેમસંગ ઈલેકટ્રોનિક્સના શેરમાં મોટો ઘટાડો થયો છે. હવે આ કંપનીઓમાંથી રોકાણકારો એકઝીટ થઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, એસકે હાયનિક્સે કવાર્ટરલી જાહેર કરેલા પરિણામોમાં નફામાં 557 ટકાનો વધારો દર્શાવ્યો છે, પણ તે પણ બજારની અપેક્ષાથી ઓછો છે. જેથી તે તૂટ્યો હતો, જેની અસર સેમસંગ ઈલે. પર પણ પડી હતી.

દક્ષિણ કોરિયાની સ્મોલકેપ અને મિડકેપ કંપનીઓના ઈન્ડેક્સ કોસ્ડેક પણ 29 જુલાઈએ તીવ્ર ઘટાડો થયો હતો. એક તબક્કે તે 8 ટકાનો ઘટાડો થયો હતો. ત્યારબાદ 20 મિનિટ માટે ટ્રેડિંગ બંધ રાખવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક વર્ષમાં વિશ્વનું સૌથી વધુ વળતર આપતું બજાર છે. કોસ્પીનું એક વર્ષનું વળતર 71 ટકાથી વધુ છે. આ તેજીમાં ખરીદીમાં વૈશ્વિક રોકાણકારોનો મોટો હાથ છે.

# દેશમાં ગ્રેજ્યુએટની સંખ્યા વધી, પણ નોકરી વધી નથી

**ચાર** દાયકામાં ગ્રેજ્યુએટ્સ ૧૩ ગણા વધ્યા, પણ યુવાનો સારી રોજગારીની રાહમાં

**બેરોજગાર** ગ્રેજ્યુએટની સંખ્યા 7 લાખથી વધીને એક કરોડ સુધી પહોંચી ગઇ

નવી દિલ્હી, તા. 29: ભારતીય શહેરી નાગરિકો બેરોજગારીને સૌથી મોટી અને જટિલ સમસ્યા તરીકે જોઈ રહ્યા છે. એજ્યુકેશનનો વ્યાપ વિસ્તારવા માટે સરકાર અનેક પ્રકારના પ્રયાસ કરી રહી છે. સરકારના પ્રયાસોના કારણે દેશમાંથી હાયર એજ્યુકેશન પ્રાપ્ત કરનારા યુવાનોની સંખ્યા વધી રહી છે, પણ ડિગ્રી મળ્યા બાદ નકરી મળશે કે નહીં તે નક્કી નથી. નોકરી મેળવવી અને શિક્ષણને સમકક્ષ પગારની મળવી કઠિન સમસ્યા ઓછી નથી. આમ, રિપોર્ટમાં બહાર આવ્યું છે કે, દેશમાં ગ્રેજ્યુએટ યુવાનોની સંખ્યા વધી છે પણ એ પ્રમાણમાં કોઈ નોકરી વધી નથી.

હાલમાં ડિગ્રી પ્રાપ્ત કરેલા યુવાનો આજે પણ સારી નોકરી અને સારા પગારવાળી નોકરીની રાહ જોઈને બેઠા છે, અથવા નાનું મોટું કોઈ કામ કરીને ગુજરાન ચલાવે છે. વર્ષ 1983માં 20થી 29 વર્ષના આશરે 50 લાખ ગ્રેજ્યુએટ હતા. આ સંખ્યામાં હવે 6.3 કરોડ સુધી પહોંચી છે. ચાર દાયકામાં સૌથી વધારે ગ્રેજ્યુએટ વધ્યા છે, એ પણ 13 ગણા. આમ, બેરોજગાર ગ્રેજ્યુએટની સંખ્યા 7 લાખથી વધીને એક કરોડ પર પહોંચી ગઈ છે.

રિપોર્ટ પરથી એવું પણ સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, ગ્રેજ્યુએટની શરૂઆતની કમાણી કરતા નોન ગ્રેજ્યુએટની કમાણી ઘણી વધારે હતી. નોકરી મળ્યા બાદ આવક વધતી હતી.

30 વર્ષથી ઓછી ઉંમરના યુવક દિલ્હીમાં 8 ટકા છે, જ્યારે ઓડિશામાં 40 ટકા છે, મહિલા ગ્રેજ્યુએટીની સંખ્યા જમ્મુ-કાશ્મીરમાં 73 ટકા, તેલગાણાંમાં 52 ટકા અને આંધ્રપ્રદેશમાં 51.6 ટકા છે. રાષ્ટ્રીય સ્તરે મહિલાઓની ટકાવારી 36 ટકા અને પુરુષોની 25.1 ટકા હતી. આમ, મહિલાઓની સંખ્યા વધુ છે.